| Sr. No. | Recommendation | Response (Yes/No/NA) | Supporting Materials |
|---|---|---|---|
| 250 | Mandate online submission of inspection report within 48 hours to the Department site | Yes | |

https://commercialtax.gujarat.gov.in/vatwebsite/download/Circular%20about%20spotvisit%20completed%20within%2048_hours_01062016.pdf



ગુજરાત વાણિજ્યિક વેરા
Gujarat Commercial Tax

નવા નોંધણી નંબર આપવા માટે સ્થળ મુલાકાત અંગેની સુચનાઓ

વાણિજ્યિકવેરા કમિશનરશ્રીની કચેરી
ક્રમાંક: વાવેક/વહિવટ/૨૦૧૫-૧૬/જા. ૧૦૦૮૮
પરિપત્ર ક્રમાંક:૧૨૭ તા: ૨૧/૩/૨૦૧૬

સંદર્ભ:- (૧) નાણાવિભાગના તા.૦૧/૧૨/૨૦૧૧ના જાહેરનામા ક્રમાંક(GHN-41)VAR-2011(32) Th

(૨) જાહેર પરિપત્ર ક્રમાંક:ગુજકા/વેટ/૫/૨૦૧૧-૧૨/જા.૧૨૬/૧૦ તા.૦૧/૧૨/૨૦૧૧

(૩) ખાતાકીય પરિપત્ર ક્રમાંક:૧૨૫૬, તા.૦૧/૧૨/૨૦૧૧

(૪) ખાતાકીય પરિપત્ર ક્રમાંક:૧૨૭૬, તા: ૧૮/૦૬/૨૦૧૫

## ખાતાકીય પરિપત્ર

તા.૦૧-૦૪-૨૦૦૬થી ગુજરાત રાજ્યમાં ગુજરાત મુલ્યવર્ધિત વેરા અધિનિયમ-૨૦૦૩ અમલમાં આવેલ છે. નવા નોંધણી નંબર મેળવવા માટે વેપારી દ્વારા વેટ કાયદાની જોગવાઈઓ ધ્યાને લઈ નિયમોનુસાર જરૂરી પુરાવાઓ સહિત નોંધણી નંબર મેળવવા માટે અરજી કરવામાં આવે છે. જેના આધારે વેપારીનો નોંધણીનંબર ઈસ્યુ કરવામાં આવે છે.

તા.૦૧/૧૨/૨૦૧૧થી ગુજરાત મુલ્યવર્ધિત વેરા કાયદા તથા કેન્દ્રીય કાયદા હેઠળ નોંધણી નંબર મેળવવા માટે પુરાવાઓ મર્યાદિત કરવા તથા નોંધણી પ્રક્રિયામાં ફેરફાર કરવા રાજ્ય સરકાર દ્વારા નિયમોમાં જરૂરી સુધારા કરતુ જાહેરનામુ સંદર્ભ (૧) દ્વારા પ્રસિધ્ધ કરવામાં આવેલ છે, જેના અનુસંધાને સંદર્ભ (૧), (૨), (૩) અને (૪) થી પરિપત્રિત સુચનાઓ પ્રસિધ્ધ કરવામાં આવેલ છે.

ક્રમ-૪ પરના પરિપત્ર ક્રમાંક : ૧૨૭૬ થી અનુક્રમ નં- ૧ થી ૩ માં આપેલ સુચનાઓ પૈકી ક્રમ નં-૧ માં અપાયેલ સુચનામાં ફેરફાર કરવામાં આવે છે. અન્ય ક્રમ-૨ અને ૩થી અપાયેલ સુચનાઓ યથાવત રાખવામાં આવે છે.

(૧) સંબધિત અધિકારી/નિરીક્ષકે આ સ્થળ તપાસના ઉભા થયેલ ટાસ્કના ૨(બે) કામકાજના દિવસોમાં સ્થળ મુલાકાત લઈ તેનો અહેવાલ કરી સ્થળ ચકાસણીના ટાસ્ક બંધ કરવાના રહેશે.

ઉપરોક્ત સુચનાઓનું સંબધિત તમામ અધિકારી/નિરીક્ષકોઓએ ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

સહી/-
વાણિજ્યિકવેરા કમિશનર
ગુજરાત રાજ્ય, અમદાવાદ

નક્લ રવાના પ્રતિઃ-

૧. વાણિજિયક્વેરા કમિશનરશ્રીના અગ્ર રહસ્ય સચિવશ્રીને જાણ સારૂ.
૨. ખાસ વાણિજ્યિકવેરા કમિશનરશ્રીના રહસ્ય સચિવશ્રીને જાણ સારૂ.
૩. અધિક વાણિજ્યિકવેરા કમિશનરશ્રી(ત/મ)ના અંગત મદદનીશશ્રીને જાણ સારૂ.
૪. સધળા વિભાગીય અધિક/સંયુક્ત વાણિ.વેરા કમિશનરશ્રીઓને જરૂરી કાર્યવાહી સારૂ.
૫. તમામ નાયબ વાણિજ્યિકવેરા કમિશનરશ્રીઓને જરૂરી કાર્યવાહી સારૂ.
૬. તમામ વાણિજ્યિકવેરા ક્ચેરીઓને જરૂરી કાર્યવાહી સારૂ.
૭. આ ક્ચેરીની તમામ શાખાઓને.
૮. દફતર શાખાને / તાલીમ શાળાને ૧૦ નક્લમાં.
૯. ઇ-ગવર્નન્સશાખાને ઇન્ટ્રાનેટ પર પરિપત્ર પ્રસિધ્ધ કરવા સારૂં.

(ટી. [illegible]ભટ્ટ)
અધિક વાણિજ્યિકવેરા કમિશનર
(વહીવટ)
ગુજરાત રાજ્ય, અમદાવાદ